| | |
|---|---|
| **આંક** | |
| દાખલ તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ |
| રજિસ્ટર તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ |
| નિકાલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ માસ દિવસ** |
| | **૦૦ ૦૭ ૨૪** |

**ગાંધીધામના ત્રીજા અધિક સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું. ગાંધીધામ-કચ્છ.**

***<u>રે.દીવાની દાવા નંબર : ૭૪૧/૨૦૨૫</u>***

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,**
તે ઈન્ડીયન કંપનીઝ એકટ, ૧૯૫૬ તળે નોંધાયેલી કંપની,
કોર્પોરેટ ઓફીસ સરનામું : નાનામવા મેઈન રોડ,
લક્ષ્મીનગર, રાજકોટ, ૩૬૦૦૦૪,
તે તેના **નાયબ ઈજનેર,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,
રામબાગ પેટા વિભાગ, આદિપુર-કચ્છ. **..... વાદી.**

***વિરુદ્ધ***

**જાનમામદ હુસેન સોઢા,**
ઉ.વ. : પુખ્ત,
રહેવાસી : કુંભારવાસ, ગામ-ખારીરોહર,
તાલુકો-ગાંધીધામ-કચ્છ. **..... પ્રતિવાદી.**

**દાવો :- રૂ.૨૧,૪૪૩.૦૦ લેણી રકમ વસૂલ મેળવવા અંગે...**

**વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી એચ.એન.આસનાની.**
**પ્રતિવાદી તરફે -એકતરફી.-**

**-: ચુકાદો :-**

**(૧)** વાદીના દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે વાદી કંપની, કંપનીઝ એકટ તળે નોંધાયેલ તથા ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની જોગવાઈ તળે રચાયેલ કંપની છે. વાદી કંપની તરફથી નીચે જણાવેલ લેણી રકમો વસુલ લેવા પ્રતિવાદી વિરુધ્ધ દાવો નોંધવવામાં આવે છે. આ દાવો વાદી કંપનીના નાયબ ઈજનેર જે પેટા વિભાગના મુખ્ય અધિકારી છે તેમના ધ્વારા દાખલ કરવામાં આવેલ છે. આ અધિકારી દાવો સહી, ખરાઈ તથા દાખલ કરવા અધિકૃત તથા માહીતગાર છે.

(૧.૧.) વધુમાં વાદી જણાવે છે કે, આ કામના પ્રતિવાદી ઉપર જણાવેલ સરનામે કોઈપણ કાયદેસરનું વિજ કનેકશન ધરાવતા નથી તથા આ કામના વાદી કંપનીના ગ્રાહક નથી તેમ છતાં તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ જયારે વાદી કંપનીના ચેકીંગ સ્કાવર્ડના અધિકારી તથા કર્મચારી પ્રતિવાદીના રહેણાંકે ચેકીંગ અર્થે ગયેલ તથા પ્રતિવાદીએ ઘરની બાજુમાંથી પસાર થતી હળવા દબાણની લાઈનના એલ.ટી. પોલ પરથી બિનઅધિકૃત રીતે ૧૦ મીટર સર્વિસ વાયર ધ્વારા ગેરકાયદેસર રીતે જોડાણ લઈ ઘરના મેઈન સ્વીચ બોર્ડમાં જોડીને બીનઅધિકૃત રીતે વિજવપરાશ કરતા જણાઈ આવેલ તથા પ્રતિવાદીનું આ કૃત્ય વિજચોરીનો જણાતા, વાદી કંપનીના અધિકારીઓએ તથા કર્મચારીઓએ સ્થળ ઉપર પ્રતિવાદી/પ્રતિવાદીનાપ્રતિનિધિના હાજરીમાં તપાસ અહેવાલ તથા રોજકામ તૈયાર કરેલ છે જેની ઝેરોક્ષની સ્વપ્રમાણીત ખરીનકલ સામેલ રાખેલ છે.

(૧.૨.) વધુમાં વાદી જણાવે છે કે, વાદી કંપનીના ચેકીંગ સ્કાવર્ડના અધિકારી તથા કર્મચારીએ પ્રતિવાદીએ આચરેલ વિજચોરી અંગેના તમામ અહેવાલ તથા કાગળો રામબાગ પેટા વિભાગ, આદિપુર ઓફીસને આગળની કાર્યવાહી કરવા સુપ્રુદ કરી આપેલ. તથા આ અહેવાલ ઉપરથી વાદી કંપનીએ પ્રતિવાદીએ કરેલ આચરેલ ગેરીરીતી વિજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ તથા તે તળેની જોગવાઈઓ અધીન રૂા.૧૬,૦૧૪.૭૬/- પૈસાની

નીચત મુજબ અકારણી કરી પ્રતિવાદીને તા.૧૭/૦૮/૨૦૨૩ વાળા પત્રથી પુરવણી બીલ રજી.એ.ડી. થી પાઠવવામાં આવેલ. આ કામના પ્રતિવાદીને મળી ગયેલો તેમ છતાં બિલની રકમ ચુકવેલ નથી. આ પુરવણી બીલની રકમ ભરપાઈ કરવા પ્રતિવાદી કાયદેસર જવાબદાર પરંતુ પ્રતિવાદી આ રકમ ચુકવવામાં બેદરકાર તથા નિષ્ફળ ગયેલ છે. પ્રતિવાદીને રજી.એ.ડી.પત્ર મારફતે મોકલાવવામાં આવેલ પુરવણી બીલ તથા પત્રની ઝેરોક્ષ સ્વપ્રમાણીત ખરીનકલ સામેલ રાખેલ છે.

(૧.૩.) વધુમાં વાદી જણાવે છે કે, વાદી કંપની ધ્વારા પ્રતિવાદી વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં વિજચોરી અંગેની ફરિયાદ નોંધાવવામાં આવેલ તેના પરથી જી.યુ.વિ.એન.એલ. પોલીસ ધ્વારા પ્રતિવાદી વિરુધ્ધ એફ.આઈ.આર. નોંધવામાં આવેલ છે. આ ફરિયાદની ઝેરોક્ષ સ્વપ્રમાણીત ખરીનકલ સામેલ રાખેલ છે.

(૧.૪.) વધુમાં વાદી જણાવે છે કે, વાદી કંપની તરફથી પ્રતિવાદીને આપવામાં આવેલ પુરવણી બીલની રકમ રૂા.૧૬,૦૧૪.૭૬/- તથા તેના ઉપર ચુકવવા પાત્ર જુન -૨૦૨૫ સુધીના ડી.પી.સી. ની રકમ રૂા.૫,૪૨૯.૧૭/- મળી કુલ્લે રકમ રૂા.૨૧,૪૪૩.૯૩ પૈસા પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે.

(૧.૫.) વધુમાં વાદી જણાવે છે કે, ઉપરોકત રકમ ભરપાઈ કરવા વાદીના અધિકારીઓ તરફથી પ્રતિવાદીને જણાવવા છતાં તેમના તરફથી ઉપરોકત પુરવણી બીલની લેણી રકમ ભરપાઈ કરવામાં નહીં આવતા, વાદીના એડવોકેટ શ્રી એચ.એન. આસનાની મારફતે પ્રતિવાદીને તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ ધ્વારા લ્હેણી રકમ ભરપાઈ કરી આપવા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ. આ કરવામાં આવેલ નોટીસની સ્થળપ્રતની નકલ તથા પ્રતિવાદીને કરવામાં આવેલ રજી.એ.ડી. વાળી નોટીસ પ્રતિવાદીને નોટીસ બજી ગયાનુ ઈન્ડીયા પોસ્ટ વિભાગની વેબસાઈટ રથી ડાઉનલોડ કરેલ ટ્રેકીંગ રોપોર્ટ રજુ રાખવામાં આવેલ છે.

(૧.૬.) વધુમાં વાદી જણાવે છે કે, વાદી કંપની, પ્રતિવાદી પાસેથી રોકાતી રકમ પર દાવા સુધીનું, દાવા દરમ્યાનનું તથા ત્યારબાદનું વ્યાજ/ડિલેપેમેન્ટ ચાર્જસ ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગના પરીપત્રના પારા નં. ૬.૮૨ મુજબ નકકી કરેલા ટેરીફ મુજબ લેવા હકકદાર હોઈ તે નજરે વાદી કંપની નિયમ મુજબ ૧૫ % લેખે રોકાતી રકમ પર વ્યાજ/ડિલે પેમેન્ટ ચાર્જની રકમ લેવા હકકદાર હોઈ તે સહિતની રકમો મળવા હાલનો દાવો લાવેલ છે. પ્રતિવાદીએ ઉપર જણાવેલ રકમ નહીં ચુકવી વાદીને આર્થીક નુકશાન પહોંચાડેલ છે અને વાદી તેની ઉપર જણાવેલ ચડત રકમો તથા જુલાઈ–૨૦૨૫ થી લેણી રકમ પર વાર્ષિક ૧૫ % લેખે પ્રતિવાદી રકમ ચુકવે ત્યાં સુધી ડિલે પેમેન્ટ ચાર્જસ વસુલ કરવા કાયદેસર હકકદાર છે.

(૧.૭.) વધુમાં વાદી જણાવે છે કે, વાદી કંપનીને હાલનો આ દાવો લાવવાનું કારણ પ્રતિવાદી તરફથી પાઠવવામાં આવેલ પુરવણી બીલની લેણી રકમ ભરપાઈ કરવામાં નહિ આવતાં તથા તેમને તા.૧૯/૦૬/૨૦૨૫ નાં રોજ નોટીસ આપી ડિમાન્ડ કરવામાં આવતાં તે રીતે ડિમાન્ડ કરવામાં આવેલ હોવા છતાં પણ આજદિન સુધી પ્રતિવાદીએ લેણી રકમ ભરપાઈ નહીં કરતા, નોટીસની તારીખથી હાલ સુધીમાં અત્રેની કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે તે રીતે હાલનો દાવો મુદતની અંદર છે.

(૧.૮.) વધુમાં વાદી જણાવે છે કે, પ્રતિવાદી ગાંધીધામ તાલુકામાં રહે છે તથા તેમના ધ્વારા વિજચોરીનું કૃત્ય અત્રેની કોર્ટની હકુમતમાં બહાર આવેલ છે જે અંગેનો પુરવણી બીલ પ્રતિવાદીને અત્રેની કોર્ટની હકુમતમાં પાઠવવામાં આવેલ છે. તે રીતે વિજચોરીના પુરવણી બીલની વસુલાત માટે અત્રેની કોર્ટને હાલનો આ દાવો સાંભળવા તથા તેનો નીર્ણય આપવા ક્ષેત્રીય હકુમત છે.

(૧.૯.) વધુમાં વાદી જણાવે છે કે, હાલનો દાવો લેણી રકમ રૂા.૨૧,૪૪૩.૦૦ મળવાનો હોઈ, હાલના આ દાવાનો આંક રૂા.૨૧,૪૪૩.૦૦ બાંધવામા

આવે છે અને તે માટે નિયત કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૧,૬૦૦.૦૦ નો ઈ–કોર્ટ મારફતે ઓનલાઈન ભરેલ છે. ઓનલાઈન ભરેલ કોર્ટ ફીની અસલ ઈ–કોર્ટ રીસીપ્ટ નં. જીજેસીટીર૬૦૮જીરપર૯એમ૮પ૬ રજુ કરવામાં આવેલ છે.

(૧.૧૦.) વધુમાં વાદી સદર દાવો લાવી માંગણી કરેલ છે કે (૧) આ પ્રતિવાદીને નામદાર સમક્ષ હાજર થવાનું ફરમાવવા તથા (૨) પ્રતિવાદીના આ દાવાવાળા વિદ્યુત જોડાણ અંગે ઉપર જણાવ્યા મુજબ પુરવણી બીલની રકમ રૂા.૨૧,૪૪૩.૦૦ દાવા તારીખથી ૧૫ % વ્યાજ/ડિલે પેમેન્ટ ચાર્જીઝ સાથે વાદીને વસુલ અપાવતુ હુકમનામુ ફરમાવવા, તથા (૩) આ દાવાનું ખર્ચ તથા ફી વિગેરે પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા, તથા (૪) ન્યાયના હિતમાં યોગ્ય લાગતુ અન્ય કોઈપણ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**(૨)** આ દાવાના કામે પ્રતિવાદીને દાવા અરજી સંબંધમાં આંક–૦૬ થી સમન્સ કાઢવામાં આવેલ, જે પ્રતિવાદીને મળી ગયેલ છે જે બદલ સહી કરી તેમજ નકલ સ્વીકારીયા બદલ સહી કરી આપેલ છે. આમ, પ્રતિવાદીને સમન્સ બજી ગયા હોવા છતાં પ્રતિવાદી હાજર થયેલા ન હોઈ, વાદી તરફે આંક–૦૭ થી દાવો એક તરફી ચલાવવા માટે અરજી આપતા, તે તળે હુકમ કરી, દાવાની કાર્યવાહી પ્રતિવાદી સામે એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**(૩)** વાદી તરફે દાવા અરજીની હકીકતો પુરવાર કરવા માટે આ નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

**–: મૌખિક પુરાવા :–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, આદિપુર પેટા વિભાગના નાયબ ઈજનેર શ્રી હિતેષ પ્રતાપસિંહ ચુડાસમાનું પુરાવાનું સોગંદનામું. | ૦૮ |

| | | |
|---|---|---|
| ૨. | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, નાયબ ઈજનેર શ્રી નરેશકુમાર છગનલાલ પરમારનું પુરાવાનું સોગંદનામું | ૦૯ |

## -: દસ્તાવેજી પુરાવા :-

| ક્રમ | વિગત | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧. | વાદી કંપનીના ચેકીંગ સ્કાવર્ડ દ્વારા પ્રતિવાદીના રહેઠાણ મધ્યે વિજ વપરાશ અંગે કરવામાં આવેલ ચેકીંગ અહેવાલની ઝેરોક્ષ સ્વપ્રમાણીત ખરીનકલ | ૦૯/૦૮/૨૦૨૩ | ૧૧ |
| ૨. | વાદી કંપનીના ચેકીંગ સ્કાવર્ડ દ્વારા પ્રતિવાદીના રહેઠાણે મધ્યે વિજ વપરાશ અંગે કરવામાં આવેલ રોજકામ/પંચનામાની ઝેરોક્ષ સ્વપ્રમાણીત ખરીનકલ | ૦૯/૦૮/૨૦૨૩ | ૧૨ |
| ૩. | વાદી કંપની દ્વારા નિયત મુજબ અકારણી કરી તૈયાર કરવામાં આવેલ ગણત્રીશીટની ઝેરોક્ષ સ્વપ્રમાણીત ખરીનકલ | -- | ૧૩ |
| ૪. | વાદી કંપની દ્વારા પુરવણી બીલ સાથે પ્રતિવાદીને લખવામાં આવેલ રજી.એ.ડી.પત્રની ઝેરોક્ષ સ્વપ્રમાણીત ખરીનકલ | ૧૭/૦૮/૨૦૨૩ | ૧૪ |
| ૫. | વાદી કંપની દ્વારા પ્રતિવાદીને આપવામાં આવેલ પુરવણી બીલની ઝેરોક્ષ સ્વપ્રમાણીત ખરીનકલ | ૧૦/૦૮/૨૦૨૩ | ૧૫ |
| ૬. | વાદી કંપની દ્વારા પ્રતિવાદી વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં વિજચોરી અંગેની નોંધવવામાં આવેલ લેખીત ફરિયાદની ઝેરોક્ષ સ્વપ્રમાણીત ખરીનકલ | ૧૦/૦૮/૨૦૨૩ | ૧૬ |
| ૭. | વાદી કંપનીએ વકિલ શ્રી એચ.એન.આસનાની મારફતે પ્રતિવાદીને રજી. એ.ડી.થી પાઠવેલ કાયદેસરની માંગણી નોટીસની સ્થળપ્રત | ૧૯/૦૬/૨૦૨૫ | ૧૭ |
| ૮. | પ્રતિવાદીને કરેલ રજી.એ.ડી. વાળી નોટીસ બજી ગયેલ છે જે દર્શાવતો ઈન્ડીયા પોસ્ટ વિભાગની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ અસલ ટ્રેકીંગ રીપોર્ટ | -- | ૧૮ |
| ૯. | જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં વીજચોરી અંગેની પ્રતિવાદી સામે નોંધવામાં આવેલલ એફ.આઈ.આર. ની | ૧૦/૦૮/૨૦૨૩ | ૧૯ |

| | | | |
|---|---|---|---|
| | ઝેરોક્ષની ખરીનકલ | | |

ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ વાદી તરફે **આંક– ૨૦** થી કલોઝિંગ પુરશીશ રજૂ કરવામાં આવેલ છે.

(૪) વધુમાં, પ્રતિવાદી વિરુધ્ધ કામ એકતરફી હોઈ વાદી તરફેના સાહેદની પ્રતિવાદી તરફે ઉલટતપાસ થયેલ નથી તેમજ પ્રતિવાદી તરફે કોઈપણ જાતનો લેખીત કે મૌખીક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ વાદી તરફે તેમના વિ.વ.શ્રી ધ્વારા આંક–૨૧ થી લેખીત રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લીધી તેમજ પ્રતિવાદી વિરુધ્ધ કામ એકતરફી હોઈ કોઈ મૌખીક કે લેખીત દલીલ નથી.

(૬) ઉપરોકત હકીકતે દાવાનાં નિર્ણય અર્થે આંક : ૦૮ થી નીચે મુજબના મુદ્દા મુકરર થયેલા છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદી તેમના ગ્રાહક ન હોવા છતાં ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરતા હોઈ તેમને રૂ.૨૧,૪૪૩/– નું પુરવણી બિલ આપવામાં આવેલ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી પુરવણી બિલના બાકી લેણાંના **રૂ.૨૧,૪૪૩.૦૦/–** વસુલ લેવા હકકદાર છે.

(૩) શું વાદી સાબીત કરે છે કે, તેઓએ દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) હુકમ અને હુકમનામું ?

**(૭) નિર્ણયો :**

ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા પ્રમાણે આ મુજબ છે.

**૧. હકારમાં,**

**૨. હકારમાં,**

**૩. અંશત: હકારમાં,**

**૪. આખરી હુકમ મુજબ.**

**(૮) મુદાઓની ચર્ચા :**

**(૮.૧) મુદ્દા નં. ૧ અને ૨ ની સંયુકત.**

આ કામે વાદી તરફે આંક–૦૮ તથા આંક–૦૯ થી તેમના સાહેદ નાઓએ પુરાવાનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેમણે વાદી કંપનીના દાવાની તમામ હકીકતોને સમર્થન કરતા જુબાની દરમ્યાન સોગંદ ઉપર એ મતલબની હકીકત જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદીએ ગામ ખારીરોહર, કુંભારવાસ મધ્યે આવેલ તેમના પોતાના રહેણાંકના ઘરમાં વાદી કંપનીનું વિજજોડાણ ધરાવતા નથી કે વાદી કંપનીના ગ્રાહક નથી. વાદી કંપનીની ચેકીંગ સ્કવોર્ડ ધ્વારા તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ આ જોડાણનું ચેકીંગ પ્રતિવાદી/પ્રતિવાદીના પ્રતિનિધિની હાજરીમાં કરવામાં આવતા, પ્રતિવાદીએ પોતાના રહેણાંકના ઘર પાસેથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણની લાઈનના એલ.ટી. પોલ પરથી બિનઅધિકૃત રીતે ૧૦ મીટર સર્વિસ વાયર ધ્વારા ગેરકાયદેસર રીતે જોડાણ લઈ ઘરના મેઈન સ્વીચ બોર્ડ સાથે જોડી સીધે સીધું વિજવપરાશ કરતા જણાઈ આવેલ. ત્યારબાદ વાદી તરફથી આ રીતે વીજ ચોરી અંગે સ્થળ પર ચેકીંગ કાર્યવાહી અંગે ચેકીંગ રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ. તેમજ સ્થળ પર ખાતાકીય રોજકામ અને પંચનામું તૈયાર કરવામાં આવેલ જેમાં આ કામના સાહેદોની સહિ આવેલી છે. આ રીતે વિજ ચોરી થતી હોવાનું માલુમ પડતાં વિજ ચોરી

અંગેના બિલની રકમ રૂા.૧૬,૦૧૪.૭૬./-ની ગણત્રી કરી અકારણી કરવામાં આવેલ. પ્રતિવાદી તરફથી બિલો ન ભરવામાં આવતાં વાદી વકિલશ્રી ધ્વારા પ્રતિવાદીને તારીખ : ૧૯/૦૬/૨૦૨૫ ના રોજ રજિસ્ટર્ડ પોસ્ટ ધ્વારા નોટિસ આપવામાં આવેલ હતી જેની નકલ આ કામે રજૂ કરવામાં આવેલ છે. વાદી કંપની પ્રતિવાદી પાસે રોકાતી રકમ તથા તે ઉપર નિયમ મુજબ ૧૫% લેખે વ્યાજ/ડીલે પેમેન્ટ ચાર્જ મેળવવા હકકદાર છે. આ કામે વાદી કંપની તરફથી તેમના મૌખિક પુરાવાના સમર્થનમાં આંક-૧૧ થી આંક-૧૯ મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે. જે પૈકી આંક-૧૧ અને ૧૨ ધ્યાને લેતા ચેકીંગ અહેવાલ તથા રોજકામ/પંચનામાની રજુ કરેલો છે. આ ઉપરાંત આંક-૧૩ થી કલમ-૧૩૫ મુજબ કરવામાં આવેલ આકારણી ગણત્રી શીટ તથા આંક-૧૪ થી પુરવણી બીલ સાથે પ્રતિવાદીને લખવામાં આવેલ પત્ર, તેમજ આંક-૧૫ થી આરોપીને એક પત્ર સાથે તેઓએ બિન અધિકૃત વિજ વપરાશ કરેલો હોઈ પુરવણી બિલ આપવામાં આવેલું તે દર્શાવતા દસ્તાવેજો છે તેમજ આંક-૧૬ થી આરોપી વિરૂધ્ધ કાર્યવાહી કરવા વિજ કંપની તરફથી પોલીસ ઈન્સ્પેકટરશ્રી જી.યુ.વી.એન.એલ.ને પ્રતિવાદી સામે ફરિયાદ કરવા માટે આપેલ ફરિયાદ રજુ છે અને આંક-૧૭ થી આરોપીને પુરવણી બિલની રકમ ચુકવી આપવા વકીલશ્રી મારફતે આર.પી.એ.ડી. થી મોકલી આપેલ નોટીસ રજુ કરવામાં આવેલી છે. આંક-૧૮ થી પ્રતિવાદીને કરેલ રજી.એ.ડી. વાળી નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે તે દર્શાવતો ઈન્ડીયા પોસ્ટ વિભાગની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ અસલ ટ્રેકીંગ રીપોર્ટ રજુ રાખેલ છે અને આંક-૧૯ થી જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં વિજ ચોરી અંગે પ્રતિવાદી સામે નોંધવામાં આવેલ એફ.આઈ.આર. ની ઝેરોક્ષ ખરીનકલ રજુ છે. આમ, વાદી કંપની તરફે ઉપરોકત મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે. વાદી કંપનીના નાયબ ઈજનેર જેવા અધિકારીઓએ સોગંદ ઉપર દાવા અરજીની હકીકતોને સમર્થન આપેલ છે. જેની હકીકતોને પ્રતિવાદી ધ્વારા હાજર રહી પડકારવામાં આવેલ નથી

એટલે કે વાદી કંપની તરફથી રજૂ થયેલ પુરાવો પડકાર રહિત રહેવા પામેલ છે. જેથી વાદી કંપની તરફથી રજૂ થયેલ પુરાવાઓને ન માનવાને માટે કોઈ કારણ રહેલ નથી.

અંજાર મુકામે જોવા જઈએ તો વીજ વિતરણ કરનારી એક જ કંપની એટલે કે, પશ્ચિમ ગુજરાત વીજ કંપની છે. તેમના નાયબ ઈજનેર કક્ષાના અધિકારીએ સોગંદ ઉપર દાવા અરજીની હકીકતોને સમર્થન આપેલ છે. જેની હકીકતોને પ્રતિવાદી ધ્વારા હાજર રહી પડકારવામાં આવેલ નથી એટલે કે વાદી કંપની તરફથી રજૂ થયેલ પુરાવો પડકાર રહિત રહેવા પામેલ છે. જેથી વાદી કંપની તરફથી રજૂ થયેલ પુરાવાઓને ન માનવાને માટે કોઈ વ્યાજબી કારણ રહેલ નથી. જેથી એવું ફલિત થાય કે પ્રતિવાદીએ વિદ્યુત પ્રકાશના બિલોની ભરપાઈ કરેલ નથી અને બિલની રકમ પેટે રૂા.૧૬,૦૧૪.૭૬/– ની ચુકવણી કરવાની બાકી રહે છે અને જે મેળવવા વાદી કંપની હકકદાર છે. જેથી, આ મુદા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૮.૨) મુદ્દા નં. ૩**

વાદી માંગ્યા મુજબની કુલ રકમ રૂા.૨૧,૪૪૩.૦૦/– જે પુરવણી બીલની રકમ દાવા તારીખથી ૧૫ % ના વ્યાજ તેમજ ડીલે પેમન્ટ ચાર્જીસ સાથે મેળવવાની દાદ મેળવવા હકકદાર છે તે અંગે ચર્ચા કરવામાં આવે તો, આ કામે આંક–૧૧ થી આંક–૧૯ મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે. તે જોતા વાદી કંપનીના પુરવણી બિલના રૂપિયા ૧૬,૦૧૪.૭૬/– તથા ડીલે પેમેન્ટ ચાર્જીસ ના રૂપિયા ૫,૪૨૯.૧૭/– મળી કુલ રૂપિયા ૨૧,૪૪૩.૦૦/– પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે તેવું વાદીએ પુરવાર કરેલ છે પરંતુ વાદીએ દાવા તારીખથી લેણી રકમ વસુલ થતા સુધી ૧૫% લેખે વ્યાજ મેળવવાની માંગણી કરેલી છે. પરંતુ વાદી ૧૫% વ્યાજની માંગણી કરવા હકકદાર છે તે સંબધે તેમણે કોઈ આધાર રજૂ કરેલ નથી. વધુમા હાલનો દાવો માત્ર લેણી રકમ વસુલ કરવાનો દાવો છે જેથી વાદી તેમણે દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણે પુરેપુરા ૧૫% લેખે નહી પરંતુ પ્રવર્તમાન વ્યાજના દરો

મુજબ ૬% લેખે દાવાવાળી લેણી રકમ વસુલ થતા સુધી વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવી જેથી, મુદા નં.૩ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે. આથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ન્યાયના હિતમાં મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

(૧) વાદીનો દાવો **અંશત: મંજૂર** કરવામાં આવે છે.

(૨) આથી આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને બાકી લેણાના **રૂ.૨૧,૪૪૩.૦૦/–** દાવા તારીખથી રકમ વસૂલ થતા સુધી **વાર્ષિક ૦૬(છ)** ટકાનાં સાદા વ્યાજનાં દરે ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે હુકમ નથી.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવુ.

આજ તારીખ : ૩૦–મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–

તારીખ:–૩૦/૦૩/૨૦૨૬.
સ્થળ :–ગાંધીધામ–કચ્છ.

**(પરાગી કૃષ્ણકુમાર વ્યાસ)**
ત્રીજા અધિક ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ
ગાંધીધામ–કચ્છ.
જજ કોડ : GJ.00643